For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

જે કેમ્પસ શૈક્ષણિક પ્રવૃત્તિનું કેન્દ્ર હોય તેને હવે વેપારનું કેન્દ્ર બનાવી દેવાશે

આ તે, યુનિ.ના કુલપતિ કે વેપારી? ટેન્ડર વિના જમીન નવરાત્રિ માટે આપી દીધી

કુલપતિએ 44 એકર જમીન માત્ર 62 લાખ રૂપિયામાં જ 10 દિવસ માટે યશ્વી ફાઉન્ડેશનને નવરાત્રિ માટે આપી દીધી

કોન્ટ્રાક્ટ આપવાનો હોય તો દરેક સંસ્થામાં ટેન્ડરિંગ કરાય છે પરંતુ નર્મદ યુનિ.ના કુલપતિને ટેન્ડરિંગની કોઈ જ પડી નથી

સુરતઃ સરકારી ગ્રાન્ટ ઉપર ચાલતી અને સરકાર સંચાલિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુપપતિ ડો.કે.એન.ચાવડા વારસાઈ પેઢી હોય તે રીતે મનફાવે તેમ વહીવટ કરી રહ્યા છે. શિક્ષણનું કેન્દ્ર નર્મદ યુનિ. હવે વેપારનું કેન્દ્ર બની ગઈ છે. યુનિ.ની જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે કરવાનો હોય પરંતુ યુનિ.ના કુલપતિએ કોઈપણ પ્રકારના ટેન્ડરિંગ

...અનુસંધાન પાના 5 પર

ખેડૂતો પોતાની જમીન પરત મેળવવા હાઈકોર્ટમાં પીઆઈએલ કરવાની તૈયારીમાં

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની જમીન સરકારી મિલકત છે. જે કૃષિ ખાતેથી શિક્ષણ હેતુ માટે સંપાદિત કરવામાં આવી હતી. જેમાં સ્પષ્ટ નિયમો છે કે આવી જમીન શૈક્ષણિક ઉપયોગ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગમાં લેવાય તો તે નીતિ વિરુદ્ધ ગણાય. છતાં ટેન્ડર વિના કોઈ પારદર્શક પ્રક્રિયા

...અનુસંધાન પાના 5 પર

મનમાની ભાડે જમીન આપવા પાછળ શું છે કુલપતિનો એજન્ડા?

આવાં એક પછી એક નિર્ણયો એ શંકા ઊભી કરે છે કે કેવળ તટસ્થ વહીવટની છાયામાં વ્યાપારી મંતવ્યો ઘૂસાડી દેવામાં આવી રહ્યા છે. પ્રશાસક તરીકે નહીં, પણ જાણે જમીનના માલિક તરીકે વર્તન કરતા કુલપતિના આ નિર્ણયોની પૃષ્ઠભૂમિ, પ્રક્રિયા અને લાભાર્થીઓની પકડસર તપાસ કરવી હવે અનિવાર્ય બની છે.

વિદ્યાર્થીઓ અને વાલીગણમાં રોષ : વિદ્યાલય કે મેળાગ્રાઉન્ડ?

યુનિવર્સિટી કેમ્પસમાં સમરસ હોસ્ટેલ, નિવાસ ક્વાર્ટર્સ અને વિવિધ શૈક્ષણિક વિભાગો આવેલી છે. જો નવરાત્રિના આયોજન અને ટ્રાફિકથી

...અનુસંધાન પાના 5 પર

અગાઉ પણ વિવાદિત નિર્ણયો માટે હાઈકોર્ટ સુધી લડવુ પડ્યું છે

આ પહેલી વાર નથી. અગાઉ પણ 180 એકર જમીન મુદ્દે કોંગ્રેસી સિન્ડીકેટ મેમ્બર હોશંગ મિર્ઝાએ હાઈકોર્ટ સુધી લડત આપી હતી.

...અનુસંધાન પાના 5 પર

ખાડીપૂર બાદ હવે તંત્ર એક્શનમાં, ખાડી પર કોઈપણ ખાનગી સ્ટ્રક્ચરને હવે મંજૂરી નહીં

ટૂંક સમયમાં પરિપત્ર જારી કરી પ્રતિબંધ મુકાશે, મનપા-સિંચાઈ અને સંબંધિત વિભાગોના સંકલનમાં નવી ગાઇડલાઇન પણ બનશે

સુરતઃ શહેરમાં ખાડીપૂરના સંકટને કાયમી ધોરણે દૂર કરવા બનાવાયેલી ખાડીપૂર નિવારણ સમિતિના અધ્યક્ષ તરીકે મનપા કમિશનરને કમાન સોંપતાની સાથે જ કમિશનર એક્શન મોડમાં આવી જડબેસલાક કામગીરી કરાવી રહ્યા છે. બે દિવસમાં વિવિધ ઝોનમાં ખાડી પરના દેખીતા અવરોધો દૂર કરવાના શરૂ કરી દેવાયા છે. ખાડીપૂર નિવારણ સમિતિની સુડા ખાતે મળેલી બેઠકમાં વિવિધ નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા.

જે અંગે માહિતી આપતાં મનપા કમિશનર શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, ખાડીપૂરની સમસ્યા હલ કરવા બે પ્રકારનાં આયોજનો

...અનુસંધાન પાના 5 પર

ખાડી વાયડનિંગ અને રિ-એલાઇમેન્ટ માટે પણ કામગીરી કરાશે

મનપા કે સુડા દ્વારા જે-તે સમયે બનાવાયેલા બ્રિજના નીચેના ભાગમાં કોઈ કોંક્રીટનાં સ્ટ્રક્ચર હોય તે દૂર કરવામાં આવી રહ્યાં છે. હાલ એ જ ફોકસ છે કે, ખાડીના પ્રવાહને કઈ રીતે રિ-અલાઈન કરી વધારી શકાય એ માટે કામ કરવામાં આવી રહ્યું છે. જે કાચી ખાડી છે તેના વાઈડનિંગની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ ખાડી વાઈડનિંગ અને રિ-એલાઈમેન્ટ માટે ડીપીઆર બનાવી સરવે કરાશે.

ખાડીના દેખીતા અવરોધોનો 10 દિવસમાં સરવે કરી રિપોર્ટ સબમિટ કરવા સિંચાઈ વિભાગને સૂચના

મનપા કમિશનરે સિંચાઈ વિભાગને હાલ ખાડીઓમાં જે દેખીતા અવરોધો છે તેનો સરવે કરી રિપોર્ટ સબમિટ કરવા માટે સૂચના આપી છે. જ્યાં મનપાનો વિસ્તાર લાગે છે ત્યાં મનપાની ટીમ અને જે સુરત જિલ્લાનો વિસ્તાર લાગે છે ત્યાં સિંચાઈ વિભાગ દ્વારા કામ કરવામાં આવશે. આ સરવે 2 પ્રકારે કરાશે, જેમાં એક ડ્રોન સરવે અને બીજો ફિઝિકલ સરવે કરાશે. સરવે બાદ કમિટીમાં રિપોર્ટ સબમિટ થશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી કરાશે. ખાસ કરીને ખાડીમાં કઇ જગ્યાએ તાકીદે ગેરકાયદે સ્ટ્રક્ચર હટાવવા જોગ છે, કઇ જગ્યાએ ડ્રેજિંગ અને ડિસિલ્ટિંગની તાકીદે જરૂર છે એ જોવાશે. ખાડી પર મનપા દ્વારા બનેલા સ્ટ્રક્ચરની આસપાસના બ્રિજ હટાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

ખાડીઓની કિનારાની સરકારી જગ્યાઓ આઈડેન્ટિફાય કરી વોટર મેનેજમેન્ટની વિચારણા

શહેરમાંથી પસાર થતી તમામ ખાડીઓની આસપાસ જે જમીનો છે, એમાં ઘણી ખાનગી, મનપાની માલિકીની, સરકારી કે સિંચાઈ વિભાગની જમીનો છે. એ માટે સિંચાઈ વિભાગને આ જગ્યાઓ આઈડેન્ટિફાય કરવાની સૂચના પણ આપવામાં આવી છે અને ખાડીનું પાણીનું વહેણ જાય તેમજ ખાડીને વહેણને સ્પેસ મળે એ રીતે ટેક્નિકલ ફિઝિબિલિટી ચકાસવા

...અનુસંધાન પાના 5 પર

ખાડીમાં ઈન્ડસ્ટ્રી ઈન્ફ્લુઅન્ટમાં (વેસ્ટ પાણી) કેટલું પાણી આવી રહ્યું છે તે સરવે કરાશે

ખાડીઓમાં ઈન્ડસ્ટ્રી દ્વારા સીધું વેસ્ટેજ છોડવામાં આવતું હોય છે. જેનો પણ સરવે કરવા માટે સૂચના આપવામાં આવી છે. એનો હાલ ફીલ્ડમાં સરવે ચાલી રહ્યો છે અને ખાડીઓમાં શું આવે છે? કેટલી માત્રામાં આવે છે તે આઈડેન્ટિફાય કરવા માટે જણાવાયું છે. એના માટે જીપીસીબી સાથે મળી રિપોર્ટ રજૂ થશે.

ખાડીઓનો ડ્રોન તેમજ ફિઝિકલી સરવે કરી જીઆઈએસ મેપિંગ થશે

સિંચાઈ વિભાગને મનપા કમિશનર દ્વારા સૂચના આપવામાં આવી છે તે મુજબ સિંચાઈ વિભાગ દ્વારા ખાડીનું જીઆઈએસ મેપિંગ થશે. આ પહેલાં ડ્રોન તેમજ ફિઝિકલી સરવે કરવા સિંચાઇ વિભાગને સૂચના આપવામાં આવી છે. ખાડીઓનું રિયલ ટાઈમ મોનિટરિંગ પણ કરાશે. જેથી ડેટા ઉપલબ્ધ રહે. તેમજ સિંચાઈ વિભાગ દ્વારા સરવે કરાશે કે કઈ ખાડીમાં કેટલું ડિસ્ટલ્ટિંગ કરાવવાની જરૂર છે કે ડ્રેજિંગની જરૂરિયાત છે અને કઈ ખાડીમાં પ્રાથમિકતાના ધોરણે કેટલી જરૂરિયાત છે. જે લોકેશન પર ખાડી સાંકડી થતી હોય, જ્યાં પહોળાઈ વધારવાની જરૂરિયાત હોય તે લોકેશન નક્કી કરી સિંચાઇ વિભાગ દ્વારા રજૂ કરવા માટે પણ જણાવાયું છે.

રાજકીય પાર્ટીને દાનના નામે કૌભાંડઃ સુરત, વાપી, ભરૂચમાં આવકવેરા વિભાગના દરોડા

રિટર્ન ભરતી વખતે પોલિટિકલ પાર્ટી, ઇન્સ્યુરન્સ, સ્કુલની ફી,સામે બેફામ ક્લેઇમ મૂકીને ટેક્સ બચાવાનું રેકેટ ચલાવવામાં આવતું હતું

દક્ષિણ ગુજરાતની સાથે દેશભરમાં આઈટીએ 200 સ્થળે સર્ચ ઓપરેશન હાથ ધર્યું

સુરતઃ આવકવેરા વિભાગે દેશભરમાં 200 સ્થળોએ સર્ચ ઓપરેશન ગોઠવી રાજકીય પાર્ટીને આપવામાં આવતા ખોટા દાનને લઈને તપાસ કરી છે. સુરત, વાપી અને ભરૂચમાં આવકવેરા વિભાગના સામૂહિક દરોડા દરમિયાન 150થી વધુ અધિકારીઓ જોડાયા હતા.

સુરતમાં દરોડા દરમિયાન વરાછા અને નાનપુરા વિસ્તારમાં આવેલા બે સીએ.અને બે ટેક્સ કનસલટન્ટ ને ત્યાં તપાસ કરવામાં આવી હતી. સુરત, વાપી,ભરૂચમાં સીએ.અને ટેક્સ કનસલટન્ટના કર્મચારીઓને

...અનુસંધાન પાના 5 પર

જૂના ટેક્સ સ્લેબ અંતર્ગત કપાતનો દુરુપયોગ અટકાવવા માટે સામૂહિક દરોડા પાડવામાં આવ્યા

વિભાગને શંકા છે કે,આલોકો અને સંગઠનો રાજકીય પક્ષોને આપવામાં આવેલા દાન, ટ્યુશન ફી, મેડિકલ ફી વગેરેના નકલી દસ્તાવેજો દ્વારા ટેક્સચોરીમાં મદદ કરતા હતા.ખોટા દાનના કાગળઓ તૈયાર કરાયા કલમ 80 GGC હેઠળ નોંધાયેલા રાજકીય પક્ષોને આપવામાં આવતા દાન પર ટેક્સમાં છૂટ મળે છે. ઈન્કમટેક્સ વિભાગે સોમવારે એવા લોકો અને સંગઠનો પર દરોડા પાડ્યા હતા જેઓ રાજકીય પક્ષોને નકલી દાનના કાગળો તૈયાર કરતા હતા. ઘણી વખત આવા લોકો ટેક્સ બચાવવા માટે બિન નોંધાયેલ અથવા શંકાસ્પદ સંગઠનો થકી નકલી દાન આપે છે. દરોડાનો ટાર્ગેટ એવા નેટવર્ક ઉપર પણ છે જે નકલી ટ્યુશન ફી, મેડિકલ બિલ અને અન્ય ટેક્સ બચત કરતા દસ્તાવેજો તૈયાર કરે છે અને ટેક્સપેયર્સને ટેક્સ ચોરીમાં મદદ કરે છે.આ રેડ જૂના ટેક્સ સ્લેબ અંતર્ગત કપાતનો દુરુપયોગ અટકાવવા માટે છે. અધિકારીઓ કહે છે કે ઘણા ટેક્સપેયર યોગ્ય દસ્તાવેજો વિના તેમના ક્લેમને વધારી કરીને દેખાડી રહ્યા છે. એવા તમામ લોકો ટેક્સ ચોરી કરી રહ્યા હતા.

સુરતમાં 17 મી જુલાઈએ પાંચ ઝોનમાં પાણી કાપઃ 12 લાખની વસતીને અસર થશે

કતારગામ વોટર વર્ક્સ ખાતે બુસ્ટર હાઉસની ટાંકીઓની સફાઈની કામગીરીના કારણે પાણી સપ્લાય બંધ રખાશે

સુરત : કતારગામ વોટર વર્ક્સ ખાતે બુસ્ટર હાઉસ-2 અને 3 ની ભૂગર્ભ ટાંકીઓની સફાઈની કામગીરી મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા કરવામાં આવશે. તા. 17 મી જુલાઈએ ભૂર્ગભ ટાંકીની સફાઈ સવારથી શરૂ થવાની હોય, કતારગામ તેમજ અન્ય સંલગ્ન જળવિતરણ મથકોથી પાણીનો સપ્લાય બંધ રાખવામાં આવશે. એક દિવસ માટે શહેરના પાંચ ઝોનમાં પાણી પુરવઠો બંધ રહેશે.

...અનુસંધાન પાના 5 પર

કયા કયા વિસ્તારોમાં પાણી કાપ રહેશે ?

કતારગામ ઝોનમાં બાળા આશ્રમ આસપાસ, ગામતળ, વેડ દરવાજા, કતારગામ દરવાજા, પંડોળ, રેલ રાહત કોલોની, ગોટાલાવાડી, રહેમત નગર, G.I.D.C., કુલપાડા, સુમુલ ડેરી આસપાસ. વરાછા -એ ઝોનમાં વરાછા, અશ્વિની કુમાર, અશ્વિની કુમાર કુલપાડા, પટેલ નગર, રામબાગ, ધરમનગર રોડ, વલ્લભાચાર્ય રોડ, સૂર્યપુર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉમિયા મંદિર આસપાસ, વરાછા ઝોન ઓફિસ આસપાસના વિસ્તારો, ઉધના-એ ઝોનમાં જૂના બમરોલીના અપેક્ષા નગર,

...અનુસંધાન પાના 5 પર

સુરત જિલ્લામાં ફરી મેઘમહેર, ઉમરપાડામાં 57 મીમી અને બારડોલીમાં 36 મીમી વરસાદ

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આજે ફરી વરસાદી માહોલ છવાયો છે. શહેરમાં દિવસ દરમિયાન છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યાં હતા, જ્યારે જિલ્લામાં ખાસ કરીને ઉમરપાડામાં સૌથી વધુ 57 મીમી વરસાદ નોંધાયો છે. બારડોલીમાં 36 મીમી, પલસાણામાં 21 મીમી, માંગરોળ અને મહુવામાં 3-3 મીમી જ્યારે કામરેજમાં 2 મીમી, જ્યારે સુરત શહેરમાં 3 મીમી વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં વરસાદી માહોલના કારણે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26.1 ડિગ્રી નોંધાયું છે, જેની સામે તાપમાનમાં આશરે અડધો ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે. હવામાં ભેજનું પ્રમાણ 81 ટકા નોંધાયું હતું, જ્યારે 8 કિમીની ઝડપે પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ દિશામાં પવન ફૂંકાતો રહ્યો હતો. ઉકાઈ ડેમના ઉપરવાસમાં હાલ વરસાદને વિરામ મળ્યો છે, છતાં ડેમમાં 24,000 ક્યુસેક પાણીની સતત આવક

...અનુસંધાન પાના 5 પર

કોઈ પણ વ્યક્તિ વિડીયો કોન્ફરન્સથી હાજર થાય તો કોર્ટની આમાન્યા જળવાવી જોઈએ, તેની તકેદારી રાખવાની રહેશે

ટોઈલેટની સીટ પર બેસીને હાઈકોર્ટની સુનાવણીમાં જોડાવા બદલ કીમના સમદ શાહને 1 લાખનો દંડ

સુરતના કિમના સમદ શાહે કરેલી ગુસ્તાખીની હાઈકોર્ટે સુઓમોટો નોંધ લીધી હતી

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલો આ વિડીયો ન્યાયતંત્રની છબીને નુકસાનકર્તા હોય તેને તાત્કાલિક અસરથી ડિલીટ કરવો જોઈએઃ હાઈકોર્ટ

અમદાવાદઃ સુરતના કિમનો એક અરજદાર ગુજરાત હાઈકોર્ટની વર્ચ્યુઅલ સુનાવણીમાં શૌચાલયમાં બેસીને અને દેખીતી રીતે શૌચક્રિયા કરતો હોય તેવો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ કેસમાં હવે ગુજરાત હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે સુરતના અરજદાર

...અનુસંધાન પાના 5 પર

શું ઘટના બની હતી ?

સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલી આ ઘટના 20 જૂને ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈની બેન્ચ સમક્ષ બની હતી. વિડીયોની શરૂઆતમાં 'સમદ બેટરી' તરીકે લોગ ઇન થયેલા અરજદારનો ક્લોઝઅપ દેખાય છે, જેના ગળામાં બ્લૂટૂથ ઇયરફોન લટકતો હતો.ત્યારબાદ તે પોતાનો ફોન થોડે દૂર રાખે છે, જેનાથી દેખાય છે કે તે શૌચાલયમાં બેઠો છે. વિડીયોમાં તે પોતાને સાફ કરતો અને પછી વોશરૂમમાંથી બહાર નીકળતો પણ દેખાય છે. ત્યારબાદ તે થોડા સમય માટે સ્ક્રીન પરથી ગાયબ થઈ જાય છે અને પછી એક રૂમમાં ફરીથી દેખાય છે.કોર્ટના રેકોર્ડ મુજબ, આ વ્યક્તિ FIR રદ કરવાની માંગણી કરતી રીટ અરજીમાં પ્રતિવાદી તરીકે હાજર હતો. તે ફોજદારી કેસમાં ફરિયાદી હતો. પક્ષકારો વચ્ચે સૌહાર્દપૂર્ણ સમાધાન થયા બાદ કોર્ટે FIR રદ કરી હતી.

અગાઉ પણ હાઈકોર્ટમાં વિડીયો કોન્ફરન્સિંગ વખતે અરજદાર સિગારેટ પીતો દેખાતા તેને 50 હજારનો દંડ કરાયો હતો

ઓનલાઈન કોર્ટ કાર્યવાહી દરમિયાન અયોગ્ય વર્તનનો આ પહેલો કિસ્સો નથી. ગુજરાત હાઈકોર્ટે એપ્રિલમાં એક અરજદારને રૂ. 50,000 નો દંડ ફટકાર્યો હતો. જે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર રહીને સિગારેટ પીતો જોવા મળ્યો હતો. તેવી જ રીતે, દિલ્હીની એક અદાલતે માર્ચમાં એક અરજદારને સમન્સ પાઠવ્યું હતું જે તેના કેસમાં વિડીયો કોન્ફરન્સ દ્વારા હાજર રહીને સિગારેટ પીતો જોવા મળ્યો હતો.

આંતર પેઢી સંવાદને પ્રોત્સાહન આપવા નવી પહેલ : સ્કૂલોની જેમ સંભવતઃ

કોલેજોમાં પણ હવે પેરેન્ટ્સ-ટીચર મીટિંગ ફરજિયાત?

યુનિવર્સિટીઓ અને કોલેજોમાં દર ત્રણ મહિને બેઠક યોજવાની સૂચના

સુરતઃ શાળાઓની જેમ હવે કોલેજો અને યુનિવર્સિટીઓમાં પણ પેરેન્ટ્સ-ટીચર મિટિંગ (PTM) ફરજિયાતરૂપે યોજાવાની રહેશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ સરકારી યુનિવર્સિટીઓને સૂચના પાઠવીને દર ત્રણ મહિને એકવાર આવી બેઠક યોજવી ફરજિયાત બનાવવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ બેઠકમાં માતા-પિતાની સાથે દાદા-દાદી અથવા અન્ય વરિષ્ઠ કુટુંબીજનો પણ હાજર રહે એ માટે નિર્દેશ આપવામાં આવ્યા છે.

વિભાગ દ્વારા જાહેર પત્રમાં જણાવાયું છે કે, પરમાણુ કુટુંબની જીવનશૈલીમાં વડીલો અને યુવાનો વચ્ચે અંતર વધી ગયું છે. આથી બંને પેઢીઓ વચ્ચે સંવાદ ઊભો કરવા રાષ્ટ્રપતિના સંદેશનો આધાર લઇ નિર્ણય લેવાયો છે. કોલેજોમાં શૈક્ષણિક પ્રગતિ સાથે જ પરિવારમાં સકારાત્મક સંવાદ તેમજ વડીલોના અનુભવ અને મૂલ્યો સાથે જોડાણ વધે એ અભિપ્રાયથી આ પહેલ થઈ છે. શિક્ષણ વિભાગે જણાવ્યું છે કે, આ પેરેન્ટ્સ મિટિંગ દર ત્રિમાસિક ગાળે યોજાય, જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને દાદા-દાદી/માતા-પિતાનો સામૂહિક સંવાદ શક્ય બને એ માટે આયોજન કરવું રહેશે. તેમજ દરેક કોલેજે આ બેઠકના અમલ અંગેની વિગતો દર ત્રિમાસિકે રિપોર્ટ તરીકે રજૂ કરવો પડશે.

કોલેજ સંચાલકોની દિશાહીનતા

આ નવીન ફરમાનથી કોલેજ અને યુનિવર્સિટી સંચાલકોમાં તણાવનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને યુવાનો માટે પેરેન્ટ્સ મિટિંગ જેવી શાળાકીય રીતો કોણે સ્વીકારી એ અંગે તેઓમાં અનેક પ્રશ્નો ઊભા થયા છે. શિક્ષણ વિભાગે અત્યાર સુધી કોઈ સ્પષ્ટ ગાઈડલાઈન જાહેર નથી કરી કે કોલેજ સ્તરે વડીલોની ઉપસ્થિતિ કેવી રીતે સુનિશ્ચિત કરવી અને આ બેઠકનું ફોર્મેટ શું રહેશે. પરિણામે સંસ્થાઓ વચ્ચે શંકાઓ જોવા મળી રહી છે.

ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.
સ્થાપના : ૧૯૨૨ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક

CBS સીસ્ટમ માઈગ્રેશન સંદર્ભે જાહેર વિજ્ઞપ્તિ

બેન્ક સાથે જોડાયેલા તમામ ગ્રાહકો, સભાસદો, શુભેચ્છકોને જણાવવાનું કે આપણી બેન્ક દ્વારા CBS સીસ્ટમ Finacle માં માઈગ્રેશનની પ્રોસેસ તા.૧૪.૦૭.૨૦૨૫ ના રોજ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. બેન્કની તમામ સેવાઓ જેવીકે CKYC, ASBA, Clearing, ATM/BNA, Locker, RTGS/NEFT, IMPS/UPI, Mobile Banking, Internet Banking, વિ. સેવાઓ (QR Code સિવાય) સાથે અન્ય બેન્કિંગ કામકાજ આજે મંગળવાર તા ૧૫.૦૭.૨૦૨૫ના રોજથી રાબેતા મુજબ શરૂ થશે. તેની આપ સર્વેને નોંધ લેવા વિનંતી છે.

નવી CBS સીસ્ટમ Finacleમાં માઈગ્રેશનની પ્રક્રિયા દરમ્યાન સર્વે ગ્રાહકો, સભાસદો, શુભેચ્છકો તરફથી બેન્કને જે સાથ સહકાર મળ્યો છે તે બદલ બેન્ક આપ સર્વે પ્રતિ આભારની લાગણી પ્રગટ કરે છે

તા. ૧૫.૦૭.૨૦૨૫ - મેનેજિંગ ડિરેક્ટર

રજીસ્ટર્ડ/ સેન્ટ્રલ ઓફિસઃ 'વસુધારા ભવન', ટીમલીયાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧, ફોન.: (+૯૧-૦૨૬૧) ૨૪૬૪૬૨૧ થી ૪૬૨૪, ફેક્સ (+૯૧-૦૨૬૧) ૨૪૬૪૫૭૭/૯૨, ઈ-મેઇલઃ info@spcbl.in, ટોલ ફ્રી નં.: ૧૮૦૦૨૩૩૭૭૨૨, વેબસાઇટઃ www.spcbl.in

કતારગામમાં રસોઈ બનાવતા ફ્લેશ ફાયર થતાં પરિવારના 4 દાઝ્યાં

સદનસીબે અન્ય રૂમમાં સૂતેલી પાંચ વર્ષની પુત્રી રિતિકા બચી ગઈ

સુરતઃ કતારગામની લલિતા ચોકડી ખાતે ગતરોજ ઘરમાં રસોઈ બનાવતી વખતે ફ્લેશ ફાયર સાથે ધડાકો થયો હતો અને ઘરમાં આગ ભડકી ઊઠી હતી, જેમાં એક જ પરિવારની બે માસૂમ પુત્રીઓ અને દંપતી સહિત ચાર સભ્ય ગંભીર રીતે દાઝી ગયાં હતાં. આ ઘટનાને પગલે સ્થળ ઉપર ભાગદોડ મચી ગઈ હતી. મદદે દોડી આવેલા સ્થાનિક લોકો દ્વારા ઘરમાં દાઝી ગયેલા દંપતી અને બે માસૂમ બાળકીઓને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કતારગામની લલિતા ચોકડી ખાતે આવેલી નીલકંઠ સોસાયટીમાં રહેતા લાલજીભાઈ લાખાભાઈ જોગરાણા (ઉં.વ.૨૮) પરિવારમાં પત્ની સેજલબેન લાલજીભાઈ જોગરાણા (ઉં.વ.૨૫) તથા ત્રણ પુત્રીઓ પ્રિયાંશી (ઉં.વ.૨.૫), ધર્મિષ્ઠા (ઉં.વ.૧) અને રિતિકા (ઉં.વ.૫) સહિતના પરિવાર સાથે રહે છે. તેઓ દૂધ વેચાણ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત રાત્રે પરિવારના તમામ સભ્યો ઘરમાં હાજર હતા. જ્યારે તેમનાં પત્ની સેજલબેન રસોઈ બનાવતાં હતાં અને પરિવારના અન્યો સભ્યો જમવા માટે બેઠા હતા. આ સમયે અચાનક ગેસ લીકેજને કારણે

...અનુસંધાન પાના 5 પર

|| સપ્તમ સ્મરણાંજલી ||
સ્મરણ તારૂં આંખો ભીની કરી દે છે.
જુદાઈ તારી દિલને રડાવી જાય છે.
અધૂરો સાથ તારો હૈયાને સતાવે છે.
તારી છબી જોઈ આંખો દર્દ બતાવે છે.
" શાસ્વી "
સ્વ. મીનાક્ષી કેદાર ગોર
સ્વ. તા. ૧૫-૦૮-૨૦૧૮
:: પિયર પક્ષ ::
સ્વ. સુલોચનાબેન હર્ષદરાય દવે
" પરિવાર "
૧૨, ધર્મયુગ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત.
|| પ્રેષક ||
કેદાર ભાલચંદ્ર ગોર
સ્વ. નાનુગૌરી ભાલચંદ્ર ગોર
"પરિવાર" ઝાપાં ફળિયા, મુ.પો. ઓલપાડ, જી. સુરત.

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ 3000/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

દસમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
અંજલિ અર્પણ કરીએ તો આસું સરે છે, તસ્વીર તમારી નિહાળતા હજુ હૈયુ રડે છે. માત્ર સ્મૃતિના પુષ્પો અને વહેતા આસુંના અભિષેક વડે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.
સ્વ. વિનયભાઈ મગનભાઈ ટેલર
સ્વ. તા. ૧૫-૦૭-૨૦૧૫
નિત્યાનંદ સોસાયટી, કતારગામ
લિ. રમાકાંત દલસુખભાઈ સુરતી તથા પરિવાર
ગામ-સાંસક

લેઉવા પાટીદાર અવસાન
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી હરિભાઈ મૂળજીભાઈ પટેલ નું તારીખ 14/7/2025 ને સોમવાર ના રોજ અવસાન થયેલ છે પ્રભુ સદગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના
લૌકિક રિવાજ બંધ છે.
સદગતની સંયુક્ત પ્રાર્થના સભા તારીખ 16/7/2025 ને બુધવારે બપોરે 02.30 કલાકે વૃંદાવન હોલ ચીખલી ગામ ખાતે રાખેલ છે.
સ્વ. હરિભાઈ મૂળજીભાઈ પટેલ
સ્વ. તા. ૧૪/૦૭/૨૦૨૫
શ્વસૂર પક્ષ.
સ્વ. મોરારભાઈ ભીખાભાઈ પટેલ
સ્વ. પ્રરભુભાઈ ભીખાભાઈ પટેલ
સ્વ. નાનુભાઈ ભીખાભાઈ પટેલ
નરોત્તમભાઈ ભીખાભાઈ પટેલ
ગામ. નાંદીદા, તાલુકા-બારડોલી,જિલ્લો-સુરત.
લિ. દીપકભાઈ હરિભાઈ પટેલ (પુત્ર)
રાજ દીપકભાઈ પટેલ (પૌત્ર)
રમણભાઈ રણછોડભાઈ પટેલ (ભાઈ)
મુ.પો. ચીખલી (ડુંગર), તાલુકો-કામરેજ, જિલ્લો-સુરત.
Mo. 98241 74573

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
સ્વ. ભાનુબેન કેશવભાઈ પટેલની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે અમે સમગ્ર પરિવાર તરફથી તમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.
પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શકિત હતી, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભકિત હતી, ધર્મ કદી ભૂલ્યાં નહીં, વ્યવહાર કદી ચૂકયા નહીં, પરિવાર માટે ફૂલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના....
સ્વ. ભાનુબેન કેશવભાઈ પટેલ
જ.તા. ૧૨-૦૧-૧૯૫૬
સ્વ.તા. ૧૫-૦૭-૨૦૨૪
અષાઢ સુદ નોમ સોમવાર
શ્રદ્ધાંજલિ અર્પણ કરનાર
વૈશાલીબેન ડી. પટેલ (દિકરી)
ધર્મેશ વી. પટેલ (જમાઈ)
યુગ ડી. પટેલ